# BUSINESS મિત્ર

# સેન્સેક્સમાં 700 પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી ઇન્ટ્રાડેમાં 24000 પોઇન્ટ પાર

**ઇરાન**-અમેરિકાની શાંતિ સમજૂતીએ શેરબજાર ઝૂમી ઉઠ્યું, રોકાણકારોને રૂ. 9 લાખ કરોડની કમાણી




**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 15 :** ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલી શાંતિ સમજૂતીના અહેવાલે શેરબજારમાં જોશ ભરી દીધો હતો. આ ડીલના અહેવાલથી ક્રુડ ઓઇલમાં કડાકો બોલાઇ ગયો હતો અને વિશ્વભરના બજારોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. જેમાં ભારતીય શેરબજારમાં પણ સપ્તાહની શરૂઆત ગેપ અપ ઓપનીંગથી જોવા મળી હતી. નિફ્ટીએ ઇન્ટ્રાડેમાં 24000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. જ્યારે સેન્સેક્સ 700 પોઇન્ટથી વધુનો ઉછાળો જોવાયો હતો.

જોકે, પ્રોપીટ બુકીંગને કારણે તેઓ પણ થોડી નરમ પડયા હતા, પરંતુ દિવસના અંતે સારી લીડ જાળવી રાખવામાં સફળ રહ્યા હતા. જેની સાથે બ્રોડર માર્કેટમાં પણ ઉછાળો જોવાયો હતો. જેમાં રિયલ્ટી સેકટરે આગેવાની લીધી હતી, તેની સાથે રોકાણકારોએ રૂ. 9 લાખ કરોડની કમાણી કરી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો ફાર્મા સેકટર પ્રારંભિક ટ્રેડિંગમાં થોડો ઘટાડો થયો હતો અને નિફટી ફાર્મા ઈન્ડેક્સ અડધા ટકાથી વધુના ઘટાડા સાથે બંધ થયો હતો. બીજી તરફ, ઓટો અને કન્ઝયુમર ડયુરેબલ્સના નિફ્ટી ઈન્ડેકસમાં અડી ટકાથી વધુ, નિફ્ટી મેટલ ઈન્ડેક્સ બે ટકા અને નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4 ટકાથી વધુ ઉછળ્યો હતો. બીએસઇ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ9 લાખ કરોડ વધી હતી, જે રૂ. 461 લાખ કરોડથી વધીને 470 લાખ કરોડ પર પહોંચી ગઇ છે. આજે શેરબજારમાં 162 શેરોએ બાવન વીકની ઉંચાઇ હાંસલ કરી હતી, જ્યારે 63 શેરો બાવન વીકનો લો બનાવ્યો હતો, જ્યારે 12 શેરો અપર સર્કિટ લાગી હતી અને 7 શેરોમાં લોઅર સર્કિટ લાગી હતી.

બીએસઇ સેન્સેક્સ 736.38 પોઇન્ટ એટલે કે 0.98 ટકા ઉછળીને 76264.33 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં 76821 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76140 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 231 પોઇન્ટ એટલે કે 0.98 ટકા વધીને 23850 પોઇન્ટની ઉપર 23853.90 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી કુદાવીને 24011 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23817 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 384 પોઇન્ટ એટલે કે 0.68 ટકા ઉછળીને 57198.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બાલકૃષ્ણ ઇન્ડ.માં 60.02 ગણા, 260 વન વામ લિ.માં 16.47 ગણા, એમ્ક્યોર ફાર્મામાં 161.3 ગણા, ડીએલએફ લિ.માં 7.64 ઘણા, નીવા બુપા 7.41 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટીબીઓ ટેકમાં 20.83 ગણા, આરતી ઇન્ડ.માં 14.07 ગણા, એચડીબી ફાઇ.માં 13.18 ગણા, ફાઇવ સ્ટાર બિઝનેસમાં 11.69 ગણા અને કેસ્ટ્રોલ ઇન્ડિયામાં 5.96 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં જબરજસ્ત તેજી જોવા મળી હતી. જે ફ્રન્ટલાઇન સુચકાંકોને પાછળ છોડી દીધા હતા. જેમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.47 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 1.38 ટકા વધ્યા છે. જેના માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએશઇ ખાતે 3089 શેરો વધ્યા હતા, જ્યારે 1322 શેરો ઘટ્યા હતા જ્યારે 216 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઇરાન-અમેરિકા વચ્ચે સમજૂતી થયાના અહેવાલના પગલે યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં પણ ઉંચા બંધ રહ્યા હતા. ટ્રમ્પે મોડી રાતે સોશ્યલ મીડિયા પર કહ્યું હતું કે, ઇરાન સાથેનો કરાર હવે પુર્ણ થઇ ગયો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું હતું કે, શુક્રવારે સ્વીટઝરલેન્ડમાં સત્તાવાર હસ્તાક્ષર સમારોહ યોજાશે. હોર્મુઝના મુખ્ય સ્ટ્રેટવેને ફરીથી ખોલવાની મંજુરી આપી હતી, જેના કારણે રવિવારે તેલના ભાવ ઘટાડો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.12 ટકા, કેક 1.21 ટકા અને ડેક્સ 1.41 ટકા સુધારા સાથે આગળ વધી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 4.81 ટકા, સ્ટ્રેઇઠસ 1.01 ટકા, હેંગસેંગ 0.54 ટકા, તાઇવાન 2.70 ટકા, કોસ્પી 4.94 ટકા અને જકાર્તા 3.95 ટકા તથા શાંઘાઇ1.59 ટકા ઉછળ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 736.38 | 76264.33 |
| **નિફ્ટી** | 231.00 | 23853.90 |
| **બેન્ક નિફ્ટી** | 272.15 | 57198.80 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 5.29 | 2901.10 |
| શ્રીરામ ફાઇ. | 4.79 | 1000.65 |
| એચડીએફસી લાઇફ | 4.65 | 581.20 |
| આઇશર મોટર | 4.27 | 7624.50 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 3.62 | 4880.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 1.64 | 348.10 |
| બજાજ ઓટો | 1.19 | 9943.00 |
| ઓએનજીસી | 1.04 | 243.65 |
| ICICI બેન્ક | 0.98 | 1327.60 |
| હિન્દાલ્કો | 0.75 | 1013.90 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 5.35 | 2902.05 |
| ઇન્ટરગ્લોબ | 3.62 | 4879.00 |
| બજાજ ફિનસર્વ | 3.58 | 1749.75 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.29 | 11473.75 |
| ઇટર્નલ | 3.26 | 251.75 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 1.64 | 348.15 |
| ICICI બેન્ક | 0.94 | 1327.75 |
| એચયુએલ | 0.52 | 2156.20 |
| અદાણી પોર્ટસ | 0.49 | 1804.35 |
| સન ફાર્મા | 0.40 | 1800.00 |

## કરન્સી બજાર- ક્રુડના વધુ ભાવ તૂટતા રૂપિયો 95ની નીચે સરક્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.71 રૂ. |
| યુરો | 110.12 રૂ. |
| પાઉન્ડ | 127.981 રૂ. |
| યેન | 0.5915 રૂ. |

**અમદાવાદ, તા. 15:** ઇરાન અને અમેરિકા વચ્ચે સમજૂતિ થયાના અહેવાલના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં જોરદાર કડાકો બોલાયો હતો, જેના લીધે ડોલર નરમ રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો 41 પૈસા ઘટીને 94.71ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.12ના સ્તરે બંદ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.12, પાઉન્ડ 127.98, કેનેડિયન ડોલર 67.65, ઓસ્ટ્રેલિયન ડોલર 67.24, જાપાનીઝ યેન 0.5915 અને સીંગાપોર ડોલર 73.99ના સ્તરે બંધ રહ્યા હતા.

# અમેરિકાએ ઈરાન સાથે શાંતિકરાર કરીને હકીકતમાં શરણાગતિ સ્વીકારી છે

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■



ઈરાન સાથે યુદ્ધ શરૂ કર્યા પછી અમેરિકાએ એટલો બધો માર ખાધો છે કે આ યુદ્ધમાંથી બહાર નીકળવા તેણે શાંતિકરારના રૂપમાં હકીકતમાં શરણાગતિ સ્વીકારી છે. ઈરાન સાથે યુદ્ધ શરૂ કરવાનું ખરું કારણ તેનો અણુકાર્યક્રમ હતો. ૧૬ મુદ્દાના કરારના મુસદ્દામાં ઈરાને ક્યાંય પોતાનો અણુકાર્યક્રમ બંધ રાખવાનો કે તેમાં ફેરફાર કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો નથી; તેમ છતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તમાચો મારીને ગાલ લાલ રાખતા તેને પોતાની ઉપલબ્ધિ ગણાવે છે. જો યુદ્ધમાં કોઈ દેશ જીતતો હોય તો તે હારેલા દેશ સાથે કરાર નથી કરતો પણ પોતાની શરતો બળપૂર્વક તેના માથે ઠોકી બેસાડે છે. અહીં તો અમેરિકાએ નહીં પણ ઈરાને પોતાની બધી શરતો કબૂલ કરાવડાવી છે. તેમાંથી સૌથી નામોશીભરી કલમ ઈરાનને યુદ્ધમાં થયેલા નુકસાન બદલ ૩૦૦ અબજ ડોલરનું નુકસાન આપવાની છે. ક્યારેય સાંભળ્યું છે કે યુદ્ધમાં જીતેલો દેશ હારેલા દેશને વળતર ચૂકવતો હોય? કરારના મુસદ્દામાં આ ૩૦૦ અબજ ડોલરને ઈરાનના પુનર્નિર્માણ માટેનું ભંડોળ ગણાવવામાં આવ્યું છે. તમે તેને ગમે તે નામ આપો, આ રકમ અમેરિકા પર ઠોકી બેસાડવામાં આવેલો દંડ છે. આ દંડ કદાચ ગલ્ફના દેશોને ચૂકવવાની ફરજ પાડવામાં આવશે.આ કરાર પર હસ્તાક્ષર થાય તે પહેલાં તેનો મુસદ્દો અમેરિકા દ્વારા નહીં પણ ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી મેહરે ૧૪ મુદ્દાના સમજૂતી કરારનો ડ્રાફ્ટ પ્રકાશિત કર્યો છે, જેનાથી સાબિત થાય છે કે આ કરારમાં ઈરાનનો હાથ ઉપર રહ્યો છે. આ કરારને સુરક્ષિત કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉત્સુકતા ઈરાનને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજની ઓફર કરવાના સ્વીકારથી સ્પષ્ટ થાય છે. આ દસ્તાવેજ વોશિંગ્ટન કે તેહરાન દ્વારા સત્તાવાર રીતે બહાર પાડવામાં આવ્યો નથી, પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની અધિકારીઓ દ્વારા જાહેર કરાયેલા પ્રારંભિક કરાર પછી તે વ્યાપક શાંતિ પ્રક્રિયાનો પાયો બનવાની અપેક્ષા છે. આ કરારના મુસદ્દા પર ૧૯ જૂને જિનિવામાં હસ્તાક્ષર થવાની સંભાવના છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે પુષ્ટિ આપી છે કે મહિનાઓની વાટાઘાટો પછી એક સમજૂતી પત્રને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. પરિષદે તેને ઈસ્લામાબાદ સંવાદ નામ આપ્યું છે, જે મધ્યસ્થી પ્રયાસોમાં પાકિસ્તાનની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. આ કરારનો ઉદ્દેશ દુશ્મનાવટનો અંત લાવવા અને બીજા રાઉન્ડની વાટાઘાટો માટે વાતાવરણ બનાવવાનો છે, જે ઈરાનના પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધો અને આર્થિક સુધારા જેવા મુદ્દાઓને સંબોધશે. આના પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે અમેરિકા માટે જે સૌથી મહત્ત્વનો મુદ્દો હતો, તે ઈરાનના પરમાણુ કાર્યક્રમનો આ કરારમાં ઉલ્લેખ જ કરવામાં આવ્યો નથી. અર્થાત્ અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમમાં કોઈ પણ જાતના ફેરફાર વિના તેને ૩૦૦ અબજ ડોલર ચૂકવવા તૈયાર થઈ ગયું છે.

ઈરાનની સૌથી મોટી સિદ્ધિ એ છે કે ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજ ઉપરાંત અમેરિકા ઈરાનનું ૨૪ અબજ ડોલરનું સ્થગિત કરવામાં આવેલું ભંડોળ તાત્કાલિક મુક્ત કરવા તૈયાર થયું છે. વળી, આ ૨૪ અબજ ડોલર પૈકી ૧૨ અબજ ડોલર તો બીજા રાઉન્ડની વાટાઘાટો શરૂ થાય તે પહેલાં મુક્ત કરવા પડશે. આ ઈરાનની માગણી નથી પણ બીજા રાઉન્ડની વાટાઘાટો શરૂ કરવાની પૂર્વશરત છે. મેહર ન્યૂઝ એજન્સીએ જ અહેવાલ આપ્યો છે કે ત્રણ શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી અંતિમ વાટાઘાટો શરૂ થશે નહીં: પ્રથમ, ઈરાનના સ્થગિત ભંડોળનો અડધો ભાગ મુક્ત કરવો, બીજું, ઈરાની તેલ નિકાસ પરના પ્રતિબંધો હટાવવા અને ત્રીજું, હોર્મુઝ સ્ટ્રેટ પરની અમેરિકન નૌકાદળની નાકાબંધી હટાવવી. આ કલમમાં ઈરાનની દાદાગીરી છતી થાય છે. અહેવાલો અનુસાર આ દસ્તાવેજ પરમાણુ શસ્ત્રો ન વિકસાવવાના ઈરાનના વચનને પુનરાવર્તિત કરે છે, જે તેણે અગાઉના કરારમાં આપ્યું હોવાથી તેમાં કાંઈ નવું નથી; પરંતુ યુરેનિયમ સંવર્ધન, પરમાણુ સુવિધાઓને તોડી પાડવાની સમય મર્યાદાઓ અથવા હાલની જવાબદારીઓ ઉપરાંત વધારાની નિરીક્ષણ પદ્ધતિઓ વિશે કોઈ સ્પષ્ટ માહિતી પ્રદાન કરતું નથી. તેના બદલે મેમોરેન્ડમ અમલમાં આવ્યા પછી ૬૦ દિવસની અલગ પ્રક્રિયા દરમિયાન આ મુદ્દાઓ પર વાટાઘાટો થવાની અપેક્ષા છે. આ ડ્રાફ્ટ ભવિષ્યની વાટાઘાટોના અવકાશને પણ મર્યાદિત કરે છે. ઈરાનના મતે ભવિષ્યની ચર્ચાઓ સમૃદ્ધ પરમાણુ સામગ્રી, સંવર્ધન પ્રવૃત્તિઓ, પ્રતિબંધોમાં છૂટછાટ અને આર્થિક પુનર્નિર્માણ સુધી મર્યાદિત રહેશે. ઈરાનના મિસાઈલ કાર્યક્રમ અને પ્રાદેશિક સશસ્ત્ર જૂથો માટે તેના સમર્થનને એજન્ડામાંથી બાકાત રાખવામાં આવ્યા હોવાના અહેવાલ છે. મતલબ કે ઈરાનનો મિસાઈલ કાર્યક્રમ હાલમાં ચાલે છે, તેમ ચાલ્યા કરશે. વધુમાં ઈરાન દ્વારા હિઝબુલ્લા કે હુથી જેવાં આતંકવાદી જૂથોને સહાય આપવા પર પણ કોઈ પ્રતિબંધ નથી.

અમેરિકા દ્વારા ઈરાન પર આક્રમણ ચાલુ કરવામાં આવ્યું ત્યારે કહેવામાં આવ્યું હતું કે તેનો મૂળ ઉદ્દેશ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવાનો છે. સત્તાપરિવર્તનનો અર્થ અમેરિકાવિરોધી સરકારને ઉથલાવી પાડીને તેના સ્થાને અમેરિકાની કઠપૂતળી જેવી સત્તાની સ્થાપના કરવાનો થતો હતો. અમેરિકાના હુમલામાં યુદ્ધના પહેલા જ દિવસે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેની માર્યા ગયા હતા, પણ તેમના સ્થાને તેમના કરતાં પણ વધુ આક્રમક તેમના જ પુત્ર મોજતબા ખામેની સત્તામાં આવ્યા હતા. ટેકનિકલી તેને સત્તાપરિવર્તન કહી શકાય, પણ અમેરિકાની ઇચ્છા મુજબનું તે સત્તાપરિવર્તન નહોતું. હવે ડોનાલ્ડ ટ્રમ્પ મન મનાવવા ખાતર કહી શકે છે કે તેમણે ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવ્યું છે, પણ તે સત્તાપરિવર્તન અમેરિકાના લાભમાં નથી.

અમેરિકા દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેમાં હોર્મુઝ સ્ટ્રેટનો કોઈ મુદ્દો જ અસ્તિત્વ ધરાવતો નહોતો. હોર્મુઝની પીડા તો અમેરિકા દ્વારા પેટ ચોળીને ઊભી કરવામાં આવી હતી. ઈરાને તેનો ખૂબીપૂર્વકનો ઉપયોગ અમેરિકા જેવી મહાસત્તાને નમાવવાના હથિયાર તરીકે કર્યો. હોર્મુઝ સ્ટ્રેટ બ્લોક થવાથી ખનિજ તેલના ભાવો ભડકે બળ્યા હતા અને તેનો ભોગ બનેલા તમામ દેશો અમેરિકા પર ફિટકાર વરસાવતા થઈ ગયા હતા, જેને કારણે ડોનાલ્ડ ટ્રમ્પ પર હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવવાનું ભારે દબાણ આવી ગયું હતું. અમેરિકાએ નાકાબંધી કરીને ઈરાનનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ ઈરાને મચક આપી નહોતી. હવે કરારના મુસદ્દા મુજબ અમેરિકા ૩૦ દિવસમાં નાકાબંધી હટાવી લેવા તૈયાર થયું છે, જ્યારે ઈરાન પોતાની શરતો કે વ્યવસ્થા મુજબ હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવા તૈયાર થયું છે. આ વ્યવસ્થા મુજબ ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પર ટોલ ટેક્સ ઉઘરાવે તેવી સંભાવના પણ રહેલી છે.

ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબબાદીએ અગાઉ કહ્યું હતું કે અંતિમ કરાર પર વાટાઘાટો ત્યારે જ શરૂ થશે જ્યારે તેહરાન પુષ્ટિ કરશે કે વોશિંગ્ટને મેમોરેન્ડમ હેઠળની તેની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી છે. આ જવાબદારી પણ અમેરિકાના માથે નાખવામાં આવી છે. ઈરાનના રાજ્ય મીડિયાએ પણ અહેવાલ આપ્યો હતો કે કોઈ પણ વિગતવાર વાટાઘાટો માટે સ્થિર સંપત્તિઓ મુક્ત કરવી અને દરિયાઇ પ્રતિબંધો હટાવવા એ આવશ્યક શરતો હતી. ઈરાન કરારમાં લેબેનોનને સામેલ કરવા માગતું હતું, જેના માટે ઇઝરાયેલ તૈયાર નહોતું. છેવટે ઈરાને પોતાનું ધાર્યું કરાવ્યું છે અને ઇઝરાયેલ લેબેનોન પર હુમલા નહીં કરે તે કબૂલ કરાવી લીધું છે. અગાઉ વિયેટનામ, ઈરાક અને અફઘાન યુદ્ધમાં અમેરિકા પોતાની આબરૂ બચાવીને બહાર નીકળી શક્યું હતું, પણ ઈરાન યુદ્ધમાં તે બહુ બદનામ થઈને તેહરાનની પકડમાંથી બહાર આવી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ કરારને સુરક્ષિત કરવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉત્સુકતા ઈરાનને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ પેકેજની ઓફર કરવાના સ્વીકારથી સ્પષ્ટ થાય છે**

# સોફ્ટવેર અને એમબીએનો યુગ હવે સમાપ્ત થઇ ગયો છે : નાગેશ્વરન

**આ ક્ષેત્રોમાં** નોકરીઓ શોધો, નહીં તો એઆઇ રોજગારને ખાઇ જશે: મુખ્ય આર્થિક સલાહકારની ચેતવણી

**નવી દિલ્હી, તા. 15:** જોબ માર્કેટ પર સીઇએ વી અનંત નાગેશ્વરને કહ્યું હતું કે, જો તમે પણ કમ્પ્યુટર સાયન્સ, સોફટવેર એન્જિનિયરીંગ અથવા એમબીએની ડિગ્રી મેળવવા માટે લાખો રૂપિયા ખર્ચવાનું વિચારી રહ્યા છો, તો બંધ કરો. તેમણે ખુલાસો કરતા કહ્યું હતું કે, દેશના યુવાનોને એક કડવી વાસ્તવિકતાથી વાકેફ કર્યા છે જેણે દેશની શિક્ષણ પ્રણાલી અને જોબ માર્કેટને હચમચાવી નાખ્યું છે.

એએનઆઇને આપેલા ઇન્ટરવ્યૂમાં સીઇએ નાગેશ્વરને સપ્ષ્ટપણે કહ્યું છે કે, એઆઇના આગમન પછી, તે યુગ હવે માટે સમાપ્ત થઇ ગયો છે.જ્યાં સોફ્ટવેર જોબ્સ અને એમબીએની ડિગ્રીને બધુ માનવામાં આવતું હતું.

તેમણે યુવાનોને અપલી કરી છે કે તેઓ હવે તેમની વિચારસરણીમાં પરિવર્તન લાવે અને કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેને એઆઇ બદલી શકશે નહીં. દેશના મુખ્ય આર્થિક સલાહકાર દ્વારા દેશમાં બેરોજગારી અને નોકરીઓ વિશે કરવામાં આવેલો મોટો અને ચોંકાવનારો દાવો શું છે.

ભાવિ નોકરીઓ અને તકનીકી ફેરફારો વિશે પુછેલા પ્રશ્નના જવાબમાં નાગેશ્વરને કહ્યું કે, એક સમય હતો જ્યારેવૈશ્વિકરણના યુગમાં આપણા દેશના કમ્પ્યુટર સાયન્સ, સોફટવેર ક્ષેત્રો અ એમબીએ સ્નાતકોને ઘણો ફાયદો થયો હતો, પરંતુ હવે તે યુગ સંપુર્ણપણે સમાપ્ત થઇ ગયો છે.

ભવિષ્ય હવે ટ્રેડ સ્કિલ્સ અને સોફટ સ્કિલ્સનું છે. યુવાનોએ હવે આવી શાખાઓમાં નિપુણતા મેળવવી પડશે, જ્યાં માનવીય હાજરી ફરજિયાત છે. કારણ કે એઆઇ ક્ષેત્રોમાં મનુષ્યનું સ્થાન સરળથાથી લઇ શકશે નહીં.

તેમણે વધુમાં કહ્યું કે, આપણે વિશ્વના સફળ દેશો પાસેથી શીખવાની જરૂર છે. જ્યારે સ્વિટઝરલેન્ડ, જર્મની, જાપાન, કોરિયા અને ચીન જેવા દેશોએ પ્રગતિ કરી ત્યારે તેમણે ટ્રેડ સ્કિલ્સ એટલે કે કુશળ મેન્યુઅલ વર્કસને ઘણુ સન્માન આપ્યું.

નાગેશ્વરને ભારત સામેના બે પડકારોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે બેરોજગારીની સાથે સાથે બેરોજગારી પણ આજે દેશમાં એક મોટી સમસ્યા છે. તેમના જણાવ્યા અનુસાર જો આપણે આંધળુ કરીને પશ્ચિમી મોડેલને અપનાવીશું, તો વિકાસ માટે મોટી મુડીની જરૂર છે.

જે ઓછી નોકરીઓનું સર્જન કરે છે. જોકે, વૈશ્વિક સ્તરે ટકી રહેવા માટે ભારતે કેટલાક ક્ષેત્રોમાં આ મોડલ પર પણ કામ કરવું પડશે, પોતાનો માલ બનાવવો પડશે. નાગેશ્વરને કહ્યું કે, આપણે બેરોજગારીને માત્ર ડેટા તરીકે ન ગણવી જોઇએ, પરંતુ તેને આજીવિકાની સમસ્યા તરીકે જોવી જોઇએ અ તેનો ઉકેલ શોધવો જોઇએ. તેમણે યુવાનોને એવા ક્ષેત્રો માર્ગ બતાવ્યો જ્યાં આવનારા દાયકાઓ સુધી નોકરીઓ ખળભળાટ મચાવવાની છે અને જ્યાં એઆઇનો કોઇ ખતરો નથી.

# મે મહિનામાં દેશની વેપાર ખાધ 28.21 અબજ ડોલર રહી

**દેશના** નિકાસમાં 18 ટકાનો વધીને 45.2 અબજ ડોલર થઇ હતી

નવી દિલ્હી, તા. 15ઃ ચાલુ વર્ષે મે મહિનામાં દેશની વેપાર ખાધ 28.21 અબજ ડોલર હતી. એપ્રિલમાં 28.38 અબજ ડોલર હતું. જોકે, મે મહિનામાં આયાત અને નિકાસમાં વધારો થયો હતો. વેપાર ખાધ એ નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત છે. જો નિકાસ કરતા આયાત વધારે હોય તો ટ્રેડ ડેફિસિટની સ્થિતિ ઉભી થાય છે. તે જ સમયે, જો આયાત કરતા નિકાસ વધુ હોય તો ટ્રેડ સરપ્લસની સ્થિતિ છે.

વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ મે મહિનામાં દેશમાંથી માલની નિકાસ વાર્ષિક ધોરણે 18 ટકા વધીને 45.2 અબજ ડોલર થઈ હતી. એપ્રિલ 2026માં તે 43.56 અબજ ડોલર હતું. એક વર્ષ અગાઉની તુલનામાં મે મહિનામાં આયાત પણ 20.62 ટકા વધીને 73.41 અબજ ડોલર થઇ છે. એપ્રિલમાં આયાત 71.94 અબજ ડોલર હતી.

વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે મે મહિનામાં ભારતની વેપારી નિકાસ અત્યાર સુધીની સૌથી વધુ માસિક નિકાસ હતી. નિકાસમાં વધારો થવાનું એક મોટું કારણ પેટ્રોલિયમ ક્ષેત્ર હતું. મે મહિનામાં પેટ્રોલિયમ પેદાશોની નિકાસમાં વાર્ષિક ધોરણે 54.89 ટકાનો વધારો થયો છે. જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં પણ 6.66 ટકાનો વધારો નોંધાયો છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં ભારતની નિકાસ મે 2025માં 5.38 અબજ ડોલરથી મે મહિનામાં નજીવી ઘટીને 5.30 અબજ ડોલર થઇ ગઇ છે. એપ્રિલ-મે દરમિયાન દેશની નિકાસ વાર્ષિક ધોરણે 16.09 ટકા વધીને 88.91 અબજ ડોલર થઈ હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર, એપ્રિલ-મે દરમિયાન સોનાની આયાત 60 ટકા વધીને 9.04 અબજ ડોલર થઈ હતી. એપ્રિલ-મે 2026 દરમિયાન ચીનની આયાત વધીને 24.7 અબજ ડોલર થઇ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 20.22 અબજ ડોલર હતી. અગ્રવાલના જણાવ્યા અનુસાર, ટ્રેન્ડને જોતા આ નાણાકીય વર્ષ નિકાસ માટે સારૂ રહેવાની ધારણા છે.

# યુએસ-ઈરાન ડીલના અહેવાલથી સોના-ચાંદીના ઈટીએફમાં 8 ટકા સુધીનો ઉછાળો જોવાયો

**શુક્રવારે** બંને દેશો વચ્ચે ડીલ પર હસ્તાક્ષર થઇ જાય તો વધુ ભાવ ઉછળી શકે

મુંબઇ, તા. 15ઃ અમેરિકા અને ઇરાન વચ્ચેના તણાવના અંત આવવાના ઐતિહાસિક અહેવાલ બાદ એમસીક્સ ખુલતાથી જ સોના અને ચાંદીના ભાવમાં ભારે ઉછાળો આવ્યો હતો. તમને જણાવી દઇએ કે કિંમતી ધાતુઓમાં આ વધઆરો સતત ત્રીજા ટ્રેડિંગ સેશનમાં પણ ચાલુ રહ્યો હતો, જેની સીધી અસર ભારતીય ચાંદી અને સોનાના ઈટીએફ પર પડી હતી. સીલ્વર ઈટીએફમાં એક જ દિવસમાં 8 ટકાનો વધારો થયો છહતો, જ્યારે ગોલ્ડ ઈટીએફમાંપણ ચાર ટકાનો મજબૂત વધારો નોંધાયો હતો.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહબાઝ શરીફના જણાવ્યા અનુસાર અમેરિકા અને ઇરાન વચ્ચે પ્રાથમિક કરાર થઇ ગયો છે, જેનો હેતુ બંને દેશો વચ્ચેના લાંબા સંઘર્ષનો અંત લાવવાનો છે. આ કરાર હેઠળ ઇરાન પરના અમેરિકી પ્રતિબંધો હટાવવામાં આવશે અને વ્યૂહાત્મક રીતે મહત્વપુર્ણ હોર્મુઝની ખાડીને વેપાર માટે ફરીથી ખોલવામાં આવશે. જેને શુક્રવારે સ્વિટ્ઝલેન્ડમાં ઐતિહાસિક સોદા પર સત્તાવાર હસ્તાક્ષર કરવામાં આવશે.

નિષ્ણાતોની સલાહ મુજબ રોકાણકારોએ રૂપિયાની કિંમતની સરેરાશનો લાભ લેવા માટે તેમની હાલની ઇક્વિટી અને ગોલ્ડ એસઆઇપીને રાખવી જોઇએ, પરંતુ આ ઉચ્ચ પ્રતિકાર સ્તરે મોટી રકમનું રોકાણ કરવાનું ટાળવું જોઇએ. પોર્ટફોલિયોના 10થી 15 ટકા સુધી સોનાનું એક્સપોઝર રાખવું જોઇએ.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા** ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૫૨૦ |
| તેજાબી સોનું | ૧૫૫૪૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૪૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૫૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૯૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૦૭૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD** LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

નોકરી વિષયક

**જોઈએ છે** ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

**સ્ટીલ ફેબ્રિકેશન** કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

**પ્રોપર્ટી વેચવાની** દરેક ધંધાને લાયક કોમર્શિયલ પ્રોપર્ટી પ્રાઈમ લોકેશન 15ft x 90ft (ગ્રાઉન્ડ+પહેલોમાળ) મેઈનરોડ ટચ, સચીન, સુરત. દલાલ આવકાર્ય. 91735 47666

**જોઈએ છે** એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

**ઈલેક્ટ્રિક માટે કારીગર** જોઈએ છૈ. બિલ્ડીંગ પ્રોજેક્ટનું કામ કરવા માટે કારીગર જોઈએ છે. મળો. પ્રકાશભાઈ- ૯૧૦૬૧૨૩૬૪૨. દર્શનભાઈ- ૭૦૪૧૬૦૩૪૨૪. (159)

**ઘોડદોડરોડ સ્થિત** ઈન્સ્યોરન્સની ઓફિસ માટે અનુભવી તેમજ બિનઅનુભવી ટેલીકોલરની તાત્કાલિક જરૂર છે. સારો પગાર+ ઈન્સેન્ટિવ. મળો. 7600009471, 9904355099 (160)

**પ્લોટ વેચવાના છે** વડોદરા આજવા રોડ સાકરિયા ગોદરેજ પહેલા 12000 પ્લોટ 1.50 Cr NA 25000 પ્લોટ 2.80 Cr M. 9537090962

**Required** Centre head teacher for classes. 9327647694

**શિક્ષકો જોઈએ** અંગ્રેજી માધ્યમમાં સવારપાળી માટે ધોરણ ૬ થી ૧૦ માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી માધ્યમમાં અર્થશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને સફાઈ કર્મચારીબેન. સંપર્ક. 9429266128, સરનામું અંકુર વિદ્યાભવન, સરદાર બ્રીજ સામે, અડાજણ, સુરત આજે જ સંપર્ક કરો.

મિલ્કત વેચવાની છે

**જમીન વેચવાની** ૪ વિઘા આંબાવાડી ૪૫ લાખ વિઘાનો ભાવ ધોળાપીપળા. નવસારી 9825109400

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ** ટ્રાવેલ્સ. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ) (સાપુતારા) 7802062340 (161)

મિલ્કત ભાડેથી

**20X20 સાઈઝ,** ગોડાઉન ભાડે આપવાનું છે, ટેકરા ફળિયું, કતારગામ, સુરત, MO: 9825124095

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.